"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Toll Free No. : 1800 233 1944
Registration No. E-7652 Dt 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફનં. તા: ૨૦/૦૬/૨૦૧૮

તંત્રીશ્રી, ____________ સુરત

નીચેની પ્રેસનોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનોવિશ્વાસુ

નિલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**સુરતી ક્ષત્રીય સમાજના જીજ્ઞેશ નવનીતભાઈ ભાણાભગવાનવાળાના પરિવારે કિડની અને ચક્ષુઓનું દાન કરી ચાર વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.**

**ઓર્ગન ડોનર શહેર સુરતમાંથી ૧૭ દિવસમાં ૮ બ્રેનડેડ વ્યક્તિઓના અંગોનું દાન ડોનેટ લાઈફ દ્વારા કરાવીને ૩૩ વ્યક્તિઓને નવજીવન આપવાની ગુજરાતમાં સૌ પ્રથમ ઘટના.**

નામ: જીજ્ઞેશ નવનીતભાઈ ભાણાભગવાનવાળા ઉ. વ.૪૧ બ્લડગ્રુપ: AB+ve

આંજણામાં આવેલ વિવિંગ ફેક્ટરીમાં લૂમ્સ માસ્ટર તરીકે કાર્ય કરતાં હતા.

રહેવાસી : પ્લોટ નં. ૫૨/૫૩, ફ્લેટ નં. ૨૦૩, સર્વોદય એપાર્ટમેન્ટ, પ્રમુખ ફરસાણની પાછળ, બમરોલી રોડ,સુરત.

કૌટુંબિક વિગત: પત્ની: કામીની જીજ્ઞેશ ભાણાભગવાનવાળા ઉ.વ. ૪૦

પુત્રી: ક્વીન્સી જીજ્ઞેશ ભાણાભગવાનવાળા ઉ.વ. ૧૪

બમરોલીમાં આવેલ લિટલ સ્ટાર સ્કૂલમાં ધોરણ ૧૦માં અભ્યાસ

પુત્ર: શીવ જીજ્ઞેશ ભાણાભગવાનવાળા ઉ.વ.૧૨

બમરોલીમાં આવેલ લિટલ સ્ટાર સ્કૂલમાં ધોરણ ૭માં અભ્યાસ

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Toll Free No. : 1800 233 1944
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



બનાવનીવિગત:

શનિવાર તા: ૧૬ જુનના રોજ જીજ્ઞેશને સાંજે આશરે ૬:૦૦ થી ૬:૩૦ કલાક દરમિયાન એકાએક પરસેવો અને ઊલ્ટીઓ થયા બાદ બેભાન થઈ જતાં પરિવારજનોએ તેને તાત્કાલિક નજદીકમાં આવેલ ખાનગી હોસ્પીટલમાં દાખલ કરી પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે ગીરીશ ગ્રુપ ઓફ હોસ્પીટલમાં દાખલ કર્યો. નિદાન માટે CT સ્કેન કરાવતાં મગજની નસો ફાટી જવાને કારણે મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. આથી પરિવારજનોએ તેઓને મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં ન્યુરોસર્જન ડૉ. આશીત દેસાઇની સારવાર હેઠળ રવિવાર તા: ૧૭ જૂનના રોજ દાખલ કર્યો અને ન્યુરોસર્જન ડૉ. આશીત દેસાઇએ ક્રેન્યોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો.

મંગળવાર તા: ૧૯ જુનનાં રોજ ન્યુરોસર્જન ડૉ. આશીત દેસાઇ, ન્યુરોફીજીશ્યન ડૉ. કાન્તા ભુતરા અને ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. હાર્દિક પટેલે જિજ્ઞેશને બ્રેનડેડ જાહેર કર્યો.

શહેરના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રજ્ઞેશ જગાશેઠે ડોનેટ લાઇફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી જિજ્ઞેશના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઇફની ટીમ હોસ્પિટલ પહોંચી જિજ્ઞેશની પત્ની કામીની, ભાઈઓ શૈલેષ, પરમેશ, હિતેશ, સાળા હિરેન જરીવાલા અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

સૌ પરિવારજનોએ જણાવ્યું કે અમે વારંવાર વર્તમાનપત્રોમાં ઓર્ગન ડોનેશન અંગેના સમાચારો વાંચતાં હતા. હાલમાં જ અમે વાંચ્યું હતું કે સુરતમાંથી ૧૧ દિવસમાં ૭ બ્રેનડેડ વ્યક્તિઓનાં પરિવારજનો દ્વારા ૨૯ વ્યક્તિઓને નવજીવન મળ્યું હતું. અમારું સ્વજન બ્રેનડેડ છે ત્યારે અમને લાગ્યું કે આ એક ઈશ્વરીય કાર્ય છે. શરીર તો બળીને રાખ જ થઈ જવાનું છે તેના કરતાં તેમનાં અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડનીનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

3...

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી કિડનીનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની સુરતની રહેવાસી શીખા મુકેશ અગ્રવાલ ઉ.વ. ૩૪, જ્યારે બીજી કિડની અમદાવાદના રહેવાસી સંકેત નવનીતભાઈ ભાવસાર ઉ.વ. ૨૧માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)માં ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં જીગ્નેશની પત્ની કામીની, ભાઈઓ શૈલેશ, પરમેશ, હિતેશ, સાળા હિરેન જરીવાલા અને પરિવારના અન્ય સભ્યો, ન્યૂરોસર્જન ડૉ. આશીત દેસાઇ, ન્યૂરોફીઝીશિયન ડૉ. કાન્તા ભુતરા, ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. હાર્દિક પટેલ, મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ તથા ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નિલેશ માંડલેવાલા, ટ્રસ્ટી હેમંત દેસાઇ, CEO નીરવ માંડલેવાલા અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો..

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નિલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૬૪ કિડની, ૧૦૭ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૭ હૃદય અને ૨૨૪ ચક્ષુઓના દાન મેળવીને ૬૧૫ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 12349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**